સુવિચાર

જયાં સુધી તમે તમારામાં વિશ્વાસ કરવાનું નહીં શીખો, ત્યાં સુધી તમે કયારેય સારી વ્યકિત નહીં બનો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



કોઠારીયા સોલવન્ટ નજીક ટ્રેન હડફેટે બે યુવાનના કમકમાટી ભર્યા મોત P-4

Year-16, Issue-55 ■ DATE : 11-06-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતની વસ્તી ૧.૪૬ અબજને આંબશે

## યુએનના અહેવાલ મુજબ ભારત હજુ પણ વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશઃ ૬૮ ટકા લોકો કામમાં વ્યસ્ત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક નવું સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિષયક અહેવાલમાં જણાવાયું છે કે ભારતની વસ્તી ૨૦૨૫ માં ૧.૪૬ અબજ સુધી પહોંચવાની ધારણા છે, જે વિશ્વમાં સૌથી વધુ હશે. દેશની વસ્તીના ૬૮ ટકા લોકો કામ કરે છે. આ અહેવાલમાં એ પણ ખુલાસો થયો છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે પહેલા ૨.૧ હતો.

UNFPAના સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ ૨૦૨૫, જેનું શીર્ષક ધ રીઅલ ફર્ટિલિટી ક્રાઇસિસ છે, તે પ્રજનનક્ષમતામાં ઘટાડો થવાની ચિંતા કરવાને બદલે એવા પ્રજનન લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આહ્વાન કરે છે જે હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

તેમાં કહેવામાં આવ્યું છે કે, લાખો લોકો તેમના વાસ્તવિક પ્રજનન લક્ષ્યોને પ્રાપ્ત કરી શકતા નથી. અહેવાલ મુજબ, ઓછી વસ્તી અથવા વધુ પડતી વસ્તીને બદલે, વાસ્તવિક કટોકટી આ છે અને તેનો જવાબ સારી પ્રજનન ક્ષમતામાં રહેલો છે - એટલે કે, જાતીય સંભોગ, ગર્ભનિરોધક અને કુટુંબ શરૂ કરવા વિશે નિર્ણયો લેવાની વ્યક્તિની ક્ષમતા.

રિપોર્ટમાં વસ્તી માળખા, પ્રજનન દર અને આયુષ્યમાં પણ નોંધપાત્ર ફેરફારોનો પણ ઉલ્લેખ છે, જે એક મોટા વસ્તી વિષયક સંક્રમણનો સંકેત આપે છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે ભારતમાં પ્રજનન દર ઘટીને ૧.૯ જન્મ પ્રતિ મહિલા થયો છે, જે ૨.૧ ના રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે છે.

આનો અર્થ એ છે કે સરેરાશ ભારતીય મહિલાઓ એક પેઢીથી બીજી પેઢી સુધી વસ્તીના કદને જાળવી રાખવા માટે જરૂરી સંખ્યા કરતાં ઓછા બાળકો પેદા કરી રહી છે. જન્મ દરમાં ઘટાડો થવા છતાં, ભારતની યુવા વસ્તી નોંધપાત્ર રહી છે, જેમાં ૦-૧૪ વર્ષના વય જૂથમાં ૨૪ ટકા, ૧૦-૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા અને ૧૯ વર્ષના વય જૂથમાં ૧૦ ટકા છે.

૨૦ થી ૩૦ વર્ષના યુવાનોમાં ૧૭ ટકા અને ૧૦ થી ૨૪ વર્ષના યુવાનોમાં ૨૬ ટકા યુવાનોનો સમાવેશ થાય છે. દેશની ૬૮ ટકા વસ્તી કાર્યકારી વય (૧૫-૬૪ વર્ષ) ની છે, જે પર્યાપ્ત રોજગાર અને નીતિ સહાય સાથે સંભવિત વસ્તી વિષયક લાભાંશ પ્રદાન કરે છે.

યુએન રિપોર્ટ ભારતને મધ્યમ આવક ધરાવતા દેશોના જૂથમાં મૂકે છે જે ઝડપથી વસ્તી વિષયક સંક્રમણમાંથી પસાર થઈ રહ્યા છે, જ્યાં વસ્તી હવે બમણી થવામાં ૭૯ વર્ષ લાગવાનો અંદાજ છે.

ભારતના પ્રતિનિધિ એન્ડ્રીયા એમ વોજનરે જણાવ્યું હતું કે, ''ભારતે પ્રજનન દર ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ૧૯૭૦ માં પ્રતિ મહિલા લગભગ પાંચ બાળકોથી આજે લગભગ બે બાળકો છે, જેનું કારણ વધુ સારું શિક્ષણ અને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળની સુલભતા છે.''

વૃદ્ધોની વસ્તી (૬૫ વર્ષ અને તેથી વધુ) હાલમાં સાત ટકા છે, જે આગામી દાયકાઓમાં આયુષ્યમાં સુધારા સાથે વધવાની ધારણા છે. ૨૦૨૫ સુધીમાં, જન્મ સમયે પુરુષો માટે આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓ માટે ૭૪ વર્ષ રહેવાનો અંદાજ છે.

યુએનના અંદાજ મુજબ, ભારતની વર્તમાન વસ્તી ૧૪૬.૩૯ કરોડ છે. આગામી દાયકાઓમાં આ આંકડો ૧.૭૦ અબજની આસપાસ પહોંચશે અને પછી લગભગ ૪૦ વર્ષ પછી ઘટવાનું શરૂ થશે.

# ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાની ISS યાત્રા વિલંબમાં



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુને આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન-આઈએસએસ લઈ જનાર એકસીઓમ સ્પેસના મિશન એકસીઓમ-૪ને વધુ એકવાર રોકી દેવામાં આવ્યું છે.

આ મિશન આજે બુધવારે લોન્ચ થવાનું હતું પણ ફાલ્કન-૯ રોકેટમાં ખરાબીના કારણે આ પ્રક્ષેપણને રોકી દેવામાં આવ્યું છે. ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુક્લાનું Axiom-4 મિશન ફરી એકવાર મુલતવી રાખવામાં આવ્યું છે.

સ્ટેટિક ફાયર પરીક્ષણ પછી બૂસ્ટરના નિરીક્ષણ દરમિયાન લિક્વિડ ઓક્સિજન (LOx) લીકેજ મળી આવ્યા બાદ મિશન પર બ્રેક લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મિશન હેઠળ, ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને ISS મોકલવાના હતા.

સ્પેસએક્સે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક (ISS) માટે નિર્ધારિત Axiom-4 મિશનના લોન્ચિંગને મુલતવી રાખવાની પુષ્ટિ કરી છે. શુભાંશુને લઈને Axiom-4 મિશન બુધવારે સાંજે ૫૩૦ વાગ્યે લોન્ચ થવાનું હતું.

Axiom-4 મિશનમાં ભારત, પોલેન્ડ અને હંગેરીના અંતરિક્ષ યાત્રીઓ શામેલ હતા. સ્પેસએક્સે પર પોસ્ટ કરીને લખ્યું છે કે, Axiom-4 મિશન માટે ફાલ્કન ૯ રોકેટનું આવતીકાલનું લોન્ચિંગ મુલતવી રાખવામાં આવી રહ્યું છે જેથી સ્પેસએક્સ ટીમો LOx લીકને ઠીક કરી શકે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે લોન્ચિંગની નવી તારીખ સમારકામ પૂર્ણ થવા અને રેન્જ ઉપલબ્ધતાના આધારે શેર કરવામાં આવશે.

# વિશ્વ અણુયુધ્ધની નજીક પહોંચી ગયુંઃ તુલસી ગબાર્ડ

### અમેરિકી ગુપ્તચર એજન્સીના વડાનું ધ્રુજાવનારૂ વિધાન

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

વોશિંગ્ટન રશિયા અને યુક્રેન વચ્ચે સતત ભીષણ બનતા જતા યુદ્ધ અને હવે યુરોપના દેશોને પણ રશિયા તેના પર આક્રમણ કરશે તેવી ચિંતા વચ્ચે અમેરિકાના રાષ્ટ્રીય ઈન્ટેલીજન્સના વડા તુલસી ગબાર્ડ એક અત્યંત ગંભીર વિધાનમાં કહ્યું હતું કે વિશ્વ અગાઉ કયારે પણ ન હતુ તેટલુ અણુયુદ્ધની નજીક પહોંચી ગયુ છે.

યુક્રેને જે રીતે રશિયા પર ગત સપ્તાહ ભીષણ ડ્રોન હુમલાથી રશિયાની હવાઈદળની તાકાત તોડી છે. ખાસ કરીને અણુશસ્ત્રો વહન કરતા વિમાનોનો કચ્ચરઘાણ કાઢયો હતો તે પછી રશિયામાં પણ હવે યુક્રેનને તબાહ કરવાની તૈયારી કરી છે.

ખાસ કરીને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન આ યુદ્ધનો અંત લાવવા અણુશસ્ત્રોનો મર્યાદીત ઉપયોગ કરી શકે છે તેવી ચિંતા દુનિયાભરમાં છે તે વચ્ચે તુલસી ગબાર્ડનું આ વિધાન ખૂબ જ મહત્વનું છે.

તેઓએ કોઈનુ નામ લીધા વગર જણાવ્યુ છે. એક રાજકીય ગ્રુપ વિશ્વ શક્તિઓ વચ્ચે અથડામણ ઉભી કરવા માંગે છે. તેમણે કોઈ નામ લીધુ ન હતુ પણ સંભવત ઈશારો ચીન ભણી હતો. તેઓએ કહ્યું કે મે હાલમાં જ હિરોશીમાની મુલાકાત લીધી હતી અને ૧૯૪૫ના એક જ અણુબોમ્બથી જે વિનાશનો દાવાનળ સર્જાયો તેનો અનુભવ કર્યો હતો.

# ગુજરાતમાં કોરોના કેસ વધતા વૃધ્ધો અને બિમાર વ્યકિત ઘરે બેઠા જ રથયાત્રાના દર્શન કરેઃ ઋષિકેશ પટેલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત ભાજપના પ્રવક્તા અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે ગુજરાતમાં સતત વધી રહેલા કોરોના કેસ અને જગન્નાથ રથયાત્રાને લઈને મોટું નિવેદન આપ્યું છે.

ઋષિકેશ પટેલે સતત વધતાં કેસ અને રથયાત્રા મામલે લોકોને અપીલ કરતાં કહ્યું કે, હાલના સમયમાં શરદી ખાંસીના લક્ષણો ધરાવનારા, કોમોર્બિડ દર્દી અને વૃદ્ધોએ રથયાત્રામાં જવાનું ટાળવું જોઈએ. ઘરે બેસીને જ ભગવાન જગન્નાથના દર્શન કરવા જોઈએ. બિમાર લોકોએ તો ભીડમાં જવું જોઈએ જ નહીં. જો કે, રાજ્યમાં રોજબરોજ વધી રહેલા કોરોનાના કેસને લહેર કે સુનામી કહી શકાય નહીં. કોરોના વાઈરસ વિશ્વમાં ફેલાયા બાદ આ ચોથી વખત છે કે, કોરોનાના કેસ વધી રહ્યાં છે અને અમે કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છીએ.



કોરોના વાઈરસ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, કોરોનાનો વર્તમાન વેરિયન્ટ ઘાતક નથી. ગઈ વખતે કોરોનાના કેસમાં ઉત્તરોત્તર વધારો થયો હતો, ત્યારબાદ તેમાં ઘટાડો થયો. હાલ છેલ્લા ૨૫ દિવસથી કેસ વધ્યા છે, પરંતુ જીવનું જોખમ નથી. લક્ષણ દેખાય તો તરત જ સારવાર ચાલુ કરવી જોઈએ. કોઈને શરદી-ખાંસી, ગળામાં દુખાવો જેવા સામાન્ય લક્ષણો જોવા મળે, તો તેમણે ક્વોરન્ટાઇન થઈને સારવાર કરાવવી જોઈએ અને સાવચેત રહેવું જોઈએ.

# આગામી ૧૩મી જૂનથી ચોમાસુ ફરી સક્રિય થશે

**મુખ્ય સમાચાર, પુના**

ગુજરાત સહિત દેશભરમાં છેલ્લા એકાદ પખવાડીયાથી સ્થગીત થયેલુ ચોમાસુ હવે બે દિવસમાં એકટીવ થઈ જશે અને આગામી ૧૩મી જૂનથી આગળ ધપવા લાગશે તેવી મહત્વની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગ ઉપરાંત ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે આગાહીમાં જણાવ્યું છે કે પશ્ચિમમાં મુંબઈ અને પુર્વમાં પશ્ચિમ બંગાળ તથા સિકકીમ પર સર્જાયેલી સીસ્ટમના કારણે ચોમાસુ ફરી સક્રીય થઈ જશે.



બંગાળની ખાડીમાં ઉપરાઉપરી બે સિસ્ટમ આકાર લઈ રહી છે જેને પગલે અગાઉ જ જયાં ચોમાસુ પ્રવેશી ગયુ હતું તે વિસ્તારો ઉપરાંત નવા ભાગોમાં તે આગળ ધપશે.

ચોમાસાની ઉતરીય રેખા આગામી દિવસોમાં વિસ્તરશે અને નવા ભાગોમાં ચોમાસુ આગળ વધશે. પશ્ચિમ મધ્ય બંગાળની ખાડીમાં સાયકલોનીક સરકયુલેશન ઉદભવી ચૂકયુ છે અને તેના પ્રભાવ હેઠળ તટીય આંધ્રપ્રદેશ રાયલ સીમા તથા કર્ણાટકમાં વરસાદ વરસશે.

૧૪મી જૂને ઉતરીય બંગાળની ખાડીમાં નવુ સાયકલોનીક સરકયુલેશન સર્જાશે અને તેમની અસરે ઓડીસા, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાં વરસાદ વરસશે.

આ બંને સિસ્ટમની સંયુક્ત અસર હેઠળ ચોમાસુ સક્રીય થશે અને પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ તથા પુર્વીય મધ્યપ્રદેશમાં આગળ વધશે. જો કે ૧૪મી જૂને ઉદભવનારા સાયકલોનીક સરકયુલેશનની અસર ઉપર વધુ વોચ રાખવામા આવી રહી છે.

હવામાન વિભાગ દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે ૧૩મી જુલાઈથી ઉતર ભારતના રાજયોમાં હીટવેવની સ્થિતિમાંથી રાહત મળવા લાગશે. ઉતરીય મધ્યપ્રદેશ, પશ્ચિમી રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ તથા દક્ષિણ પશ્ચિમી ઉતરપ્રદેશમાં હીટવેવની સ્થિતિ સર્જાયેલી છે.

ઉતરીય ઓડીશામાં સાયકલોનીક સરકયુલેશન છે અને તેના સંલગ્ન ભાગોમાં શક્તિશાળી ચોમાસુ પવનો ફુંકાવા લાગ્યા છે.

# રાજકોટ સહિત ચાર ઝોનમાં મીની વાઈબ્રન્ટ યોજાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં ૨૦૨૭ માં જાન્યુઆરીમાં યોજાનારા વાઈબ્રન્ટ સમિટ પહેલા રાજ્યમાં ઓક્ટોબર ૨૦૨૫ થી ચાર ઝોનમાં મીની વાઈબ્રન્ટ યોજવાનું રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મીની વાઈબ્રન્ટ યોજવાની વિધિવત જાહેરાત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જુલાઈ ૨૦૨૫ ના મધ્ય ભાગમાં કરશે તેમ રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.

ઉદ્યોગ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં મહેસાણા, સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, મધ્ય ગુજરાતમાં વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં સુરત ખાતે મીની વાઈબ્રન્ટ યોજવામાં આવશે. ત્યાર-બાદ તમામ જિલ્લા પ્રમાણે વાઈબ્રન્ટ સમિટ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રાજ્યની નજીક આવેલા બીજા રાજ્યોને ઔદ્યોગિક ગૃહોને વાઈબ્રન્ટ સમિટમાં આમંત્રણ આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગત વખતે જિલ્લા પ્રમાણે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રૂપિયા ૪૫૦૦૦ કરોડના એમઓયુ થવા પામ્યા હતા.




તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૫ માં સ્ટાર્ટઅપ પોલિસી, લોજિસ્ટિક પોલિસી, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પોલીસી, કોમન એન્વાયરમેન્ટ પોલિસી સહિત રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ પોલિસીની મુદ્દત પૂરી થાય છે ત્યારે આ ચાર ઝોનમાં યોજનારા વાઈબ્રન્ટ પહેલા નવી પોલિસીની પણ જાહેરાત કરવામાં આવશે.

જેથી કરીને ઔદ્યોગિક ગૃહો આ નવી પોલીસી નો લાભમેળવી શકે. જોકે ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસી અંતર્ગત જે ઔદ્યોગિક ગૃહો મૂડી રોકાણ કરવા માંગતા હશે તેમને હયાત પોલિસી નો લાભ આપવામાં આવશે, કારણ કે આ પોલિસી ડિસેમ્બરમાં પૂર્ણ થાય છે.

# રેલવે તંત્ર ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા કન્ફર્મ ટિકિટનો ચાર્ટ જાહેર કરશેં



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટ્રેનમાં મુસાફરી કરનારાઓ માટે સારા સમાચાર છે. રેલ્વે હવે એક નવો નિયમ પર વિચારણા કરી રહી છે. આનાથી મુસાફરોને ટ્રેનમાં સીટ મેળવવામાં આવતી મુશ્કેલીઓ ઓછી થશે. નવા નિયમ મુજબ, રેલ્વે ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા ચાર્ટ જારી કરવાની યોજના બનાવી રહી છે. આ રીતે, મુસાફરો ૨૪ કલાક પહેલા તેમની સીટની સ્થિતિ જાણી શકશે.

હાલમાં, ટ્રેન ઉપડવાના ૪ કલાક પહેલા જ ખબર પડી જાય છે કે તમારી સીટ કન્ફર્મ છે કે નહીં.આનાથી દૂર દૂરથી આવતા મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમને છેલ્લી ઘડી સુધી ખબર પડતી નથી કે તેમની ટિકિટ કન્ફર્મ છે કે નહીં.

એક રેલવે અધિકારીએ જણાવ્યું કે, આ યોજના રાજસ્થાનના બિકાનેર ડિવિઝનમાં ૬ જૂનથી શરૂ થઈ છે. અત્યાર સુધી કોઈ સમસ્યા આવી નથી. તેમણે કહ્યું, અમે થોડા અઠવાડિયા સુધી તેનો પ્રયાસ કરીશું. આનાથી ખબર પડશે કે કોઈ સમસ્યા છે કે નહીં. જો કોઈ સમસ્યા છે, તો તેને કેવી રીતે ઠીક કરવી.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણી વખત મુસાફરોને સ્ટેશન પહોંચવાના થોડા કલાકો પહેલા ખબર પડે છે કે તેમની વેઇટલિસ્ટ ટિકિટ કન્ફર્મ નથી. આનાથી તેમને ઘણી મુશ્કેલી પડે છે. ૨૪ કલાક અગાઉથી ચાર્ટ જારી કરવાથી લોકોને તેમની મુસાફરીનું આયોજન કરવામાં મદદ મળશે અને તણાવ પણ ઓછો થશે.

રેલ્વે અધિકારીઓનું કહેવું છે કે આ નવી સિસ્ટમ મુસાફરોને તેમની મુસાફરીનું વધુ સારી રીતે આયોજન કરવામાં મદદ કરશે. ઉદાહરણ તરીકે, ૧૦૦ કિમી કે તેથી વધુ દૂરથી આવતા મુસાફરોને વધુ સારી માહિતી અને સ્ટેશન પહોંચવાનો સમય મળશે.

આનાથી છેલ્લી ઘડીની મુશ્કેલીઓ ઓછી થશે. આ નવો નિયમ તે લોકોને અસર કરશે નહીં જેઓ છેલ્લી ઘડીએ મુસાફરી કરવાનું વિચારી રહ્યા છે અને તત્કાલ ટિકિટ બુક કરાવી રહ્યા છે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે તત્કાલ ટિકિટ ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલા બુક કરાવવામાં આવે છે, તેથી એક દિવસ અગાઉ સંપૂર્ણ ચાર્ટ જાહેર કરવામાં કોઈ સમસ્યા રહેશે નહીં.

હજુ સુધી એ સ્પષ્ટ નથી કે રેલવે કન્ફર્મ રિઝર્વેશન ધરાવતા મુસાફરોની બીજી અને ત્રીજી યાદી બહાર પાડશે કે નહીં. કારણ કે શક્ય છે કે ઘણા મુસાફરો કન્ફર્મ ટિકિટ હોવા છતાં છેલ્લા ૨૪ કલાકમાં તેમનું બુકિંગ રદ કરી શકે છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે પહેલા પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થવા દો, ત્યારબાદ મુસાફરોના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવશે.

# ઉદયપુરના રિસોર્ટમાં સેક્સ રેકેટઃ રાજકોટના ૯ સહિત ગુજરાતના ૧૫ વેપારીઓ રૂપલલનાઓ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, ઉદયપુર**

ઉદયપુરના સુખેર પોલીસે અબેરી સ્થિત સ્વર્ણગઢ રિસોર્ટમાં દરોડા પાડ્યા હતા, જ્યાં દેહ વ્યાપારનો પર્દાફાશ થયો હતો. ઈવેન્ટના નામ પર દેહવેપારમાં સંડોવાયેલી ૧૪ યુવતી સહિત ૨૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ યુવતીઓ દિલ્હી, હરિયાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના અન્ય શહેરોથી આવી હતી. જોકે, તમામ આરોપીઓ ગુજરાતના નિવાસી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, પોલીસને અબેરી સ્થિત સ્વર્ણગઢ રિસોર્ટના સંચાલક હર્ષવર્ધન શાહ અને મહિલા નરગિસ તરફથી બહારથી યુવતીઓ બોલાવીને દેહ વ્યાપાર ચાલાવાતો હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસે ટીમ બનાવી બોગસ ગ્રાહકો મોકલી તપાસ હાથ ધરી અને બાદમાં દરોડા પાડ્યા હતા. પોલીસે રિપોર્ટમાં દરોડા પાડ્યા તો મોટી સંખ્યામાં ગેરકાયદે ગતિવિધિઓ ચાલી રહી હતી. પોલીસે તમામની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# શિક્ષણ વિભાગ દ્વારા જામનગરની વિભાજી સરકારી હાઈસ્કૂલને ધો.૯ તથા ૧૧ માટે અંગ્રેજી માધ્યમની મંજૂરી અપાઈ

## વિભાજી હાઈસ્કૂલમાં આધુનિક સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા, લાઈબ્રેરી સહિતની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિભાજી સરકારી હાઈસ્કૂલ, જામનગરને શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯ અને ૧૧માં નવી અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની મંજૂરી મળી છે.શિક્ષણ વિભાગ સંચાલિત વિભાજી સરકારી હાઈસ્કૂલ, જામનગર (ગુજરાતી માધ્યમ) એ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં વર્ષ ૨૦૨૪-૨૫નું ધોરણ ૧૦નું બોર્ડ પરિણામ ૧૦૦% અને ધોરણ ૧૨નું બોર્ડ પરિણામ ૭૮.૯૫% આવેલ છે.આ શાળામાં આચાર્ય શ્રી પી.એન.પાલા અને કાર્યદક્ષ શિક્ષકો દ્વારા શિક્ષણની સાથે સંસ્કાર અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ પર ભાર મૂકવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓને ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે.

શાળા શહેરની મધ્યમાં આવેલી છે અને આધુનિક સ્માર્ટ ક્લાસ, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા, લાઈબ્રેરી જેવી તમામ ભૌતિક સુવિધાઓથી સુસજ્જ છે. જામનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહન વ્યવહારની પણ ઉત્તમ સુલભતા છે.સરકારી શાળા હોવાને કારણે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ પાઠ્યપુસ્તકો વિના મુલ્યે આપવામાં આવે છે. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવનાર હોય ધોરણ ૯ થી ૧૨ ગુજરાતી માધ્યમ તેમજ ધોરણ ૯ અને ૧૧ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ વહેલી તકે શાળાનો સંપર્ક કરવા આચાર્ય દ્વારા અનુરોધ કરાયો છે.

# જામનગર જીલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૦૭-૦૮-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગર શહેરમાં ચોમાસા પૂર્વે મહાનગપાલિકા હરકતમાં આવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ચોમાસા પૂર્વે મહાનગપાલિકા હરકતમાં આવ્યું છે અને પ્રથમ વખત ભૂગર્ભ ગટરના ઢાંકણાઓ ખોલવા પર પ્રતિબંધ મૂક્યો છે. જેને ઉલ્લંઘન કરનાર સામે ફોજદારી સહિતની કડક કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ભૂગર્ભ ગટરના ઢાંકણા ખોલવાથી મહાપાલિકાને નુકસાની તો જાય જ છે પરંતુ સાથોસાથ ગંભીર અકસ્માત થવાની સંભાવના પણ ખૂબજ વધી જાય છે.જામનગર મહાનગરપાલિકાના ભૂગર્ભ ગટર શાખા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી અન્વયે ૮૪૦૮ મશીન હોલ તથા સેક્શનની સફાઈ કામગીરી કરી ૧૫૬ ટન જેટલો કચરો કાઢવામાં આવ્યો છે. હવે આ કામગીરીમાં કોઇ અડચણ ન થાય તે માટે મહાપાલિકાના સિટી એન્જિનિયરે જાહેરનામું બહાર પાડી મશીન હોલ કે ચેમ્બરના ઢાંકણા ખોલવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.શહેરમાં



જ્યારે વરસાદ વધુ પડે છે ત્યારે પાણી ભરાવવાના કિસ્સામાં લોકો પોતાના ઘર પાસે કે દુકાન પાસેના ભૂગર્ભ ગટરના ઢાંકણા ખોલી નાખે છે જેથી ઝડપથી પાણીનો નિકાલ થઈ જાય પરંતુ આ પ્રક્રિયા અત્યંત જોખમી છે. આનાથી મહાપાલિકાને કચરો અને લાઈન ચોકઅપનો ભય તો રહે જ છે સાથોસાથ માનવ અકસ્માતનો મોટો ભય રહે છે. કારણ કે, પાણીમાં ભૂગર્ભ ગટર દેખાતી નથી. જેના કારણે મનુષ્ય તેમાં પડી જાય તેવી પૂરી સંભાવના હોય છે. જેથી પ્રથમ વખત મહાપાલિકાએ આ પ્રતિબંધ મૂકી આનું ઉલ્લંઘન કરનાર સામે ફોજદારી રાહે પગલાં લેવાની જાહેરાત કરી છે.પ્રથમ વખત કાનૂની પગલા લેવાશે.જામનગર મહાનગરપાલિકાએ જાહેરાત કરી છે કે, જે કોઈ વરસાદી પાણીનો નિકાલ ગેરકાયદેસર રીતે ભૂગર્ભ ગટરમાં કરશે અથવા મશીન હોલ, ચેમ્બરોના ઢાંકણા ખોલશે કે તોડશે તેની સામે ફોજદારી રાહે કાનૂની પગલા ભરવામાં આવશે.

# પૂનમ નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને મિક્સ ફુલોનો શણગાર અને ડ્રેગનફ્રુટનો અન્નકૂટ ધરાવાયો



**મુખ્ય સમાચાર, સાળંગપુર**

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ ૧૧-૦૬-૨૦૨૫ને બુધવારના રોજ સાળંગપુરમાં દાદાને વિશેષ ફુલોનો શણગાર ધરાવવામાં આવ્યો છે. એવં ડ્રેગનફ્રુટનો અન્નકૂટ ધરાવાયો હતો.આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ફુલની ડીઝાઈનવાળા વાઘા પહેરાવ્યા છે. દાદાને ડાયમંડ જડીત મયૂરાકારનો ચાંદીનો મુગટ ધરાવવામાં આવ્યો છે અને આ સાથે સિંહાસને મિક્સ ફુલોનો દિવ્ય શણગાર ધરાવાયો હતો.

આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી અને સવારે ૭ કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. આજે અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. આજે મંદિર પરિસરમાં યજ્ઞશાળામા મારુતિ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું હતું સાંજે ૫ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૭ કલાકે પૂજારી સ્વામી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. તેમજ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ પૂજન-આરતીના દિવ્ય દર્શનનોં લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# ધુંવાવ પાસેથી મળી આવેલી માનસિક અસ્થિર તરૂણીનો માતા સાથે પુનઃમિલાપ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના ધુંવાવ ગામ પાસેથી ચૌદેક વર્ષની એક તરૂણી મળી આવી હતી. માનસિક અસ્થિરતાનો ભોગ બનેલી આ તરૂણી પોતાના ઘરેથી નીકળી ગઈ હોવાનું જાણવા મળતા પોલીસે શંકરટેકરીમાં રહેતા તેના માતા સાથે તેણીનો પુનઃ મિલાપ કરાવી આપ્યો હતો.જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ધુંવાવ ગામ પાસે રવિવ-ારે રાત્રે અગિયારેક વાગ્યે એક આગેવાને પોલીસને જાણ કરી હતી કે ચૌદેક વર્ષની લાગતી એક તરૂણી તેમના ગામમાં આવી છે.જાણના પગલે પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. પરમાર તથા મહિલા પોલીસકર્મી આર.આર. ગોજીયા સહિતનો સ્ટાફ ધુંવાવ દોડી ગયો હતો.ત્યાંથી આ તરૂણી મળી આવી હતી.આ તરૂણીના કપડા તથા વાતચીત પરથી તેણી



માનસિક અસ્વસ્થ હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે તેણીના પરિવારજનોની શરૂ કરેલી શોધખોળમાં આ બાળકીના માતા શંકરટેકરીમાં રહેતા હોવાનું ખૂલ્યું હતું.

તેઓને આ તરૂણી પાસે લઈ જવાતા તેણીએ પોતાની પુત્રી માનસિક અસ્થિરતાના કારણે ઘરેથી નીકળી ગઈ હોવાનું જણાવ્યું હતું. પોલીસે માતા-પુત્રીનો મિલાપ કરાવ્યો છે.

# સમાણા ગામમાં બંધ મકાનમા થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં બે રહેણાક મકાનમાંથી થયેલી ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. એલસીબીની ટીમે તુષાર હસમુખભાઈ ધામેચા નામના આરોપીને ઝડપી લીધો છે.ચિંતનભાઈ રમણીકભાઈ અજુડીયા પોતાના પરિવાર સાથે લૌકિક ક્રિયા માટે જામનગર ગયા હતા. આ દરમિયાન તેમના બંધ મકાનમાંથી ૨૦,૦૦૦ની રોકડ રકમ અને ૬ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી થઈ હતી.તેમના પડોશમાં રહેતા મનિષાબેન નિલેશભાઈ ગોહિલના મકાનમાંથી પણ ૬૫,૦૦૦ની કિંમતના સોનાના દાગીનાની ચોરી થઈ હતી. બંને ઘટનાની અલગ-અલગ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.શેઠ વડાળા પોલીસની ટીમ તપાસ કરી રહી હતી. એલસીબીની ટુકડી પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસે આરોપીને ઝડપી લીધો છે અને ચોરી કરેલો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીની પૂછપરછમાં બંને ચોરીની કબૂલાત કરી છે.

# ધાંગધ્રાના સોલડી ટોલનાકા પાસે ટ્રક ડ્રાઈવરએ કર્યો ચક્કાજામ

## ડ્રાઈવરો પાસે પૈસાની ઉઘરાણી કરતાં મામલો બિચક્યો ટ્રક ડ્રાઈવરને માર મારતાં પોહચી ઈજાઓઃ ધાંગધ્રા ડિવાઈએસપી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે







**મુખ્ય સમાચાર, ધાંગધ્રા**

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વહેલી સવારે ધાંગધ્રા સોલડી ટોલનાકા પાસે ડ્રાઈવરને રોકી તેની પાસે ગાડીના કાગળિયા સહિત તમામ કાગળિયાઓ તપાસીયા પછી પણ ટ્રક ડ્રાઈવર પાસે પૈસાની માંગણી કરતા મામલો બિચક્યો હતો જેમાં ટ્રક ડ્રાઈવરને માથાના ભાગે વાગી જતા લોહી લોહાણ હાલત થઈ હતી જે ઘટનાથી સમગ્ર ટ્રક ડ્રાઈવરો દ્વારા સોલડી ધાંગધ્રા ટોલનાકા પાસે ચક્કાજામ કરવામાં આવ્યો હતો બંને બાજુ ૧૦ થી ૧૨ કિલોમીટર સુધી લાંબી લાઈનો ચક્કાજામને કારણે જોવા મળી હતી જ્યારે સમગ્ર ઘટનાની જાણ થતા જ ધાંગધ્રા નાયબ પોલીસ અધિક્ષક સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો જ્યારે આ ઉઘરાણું કરતા શખ્સો કોણ છે અને શા માટે ડ્રાઈવરો પાસેથી પૈસાઓ માંગવા માટે ટોલનાકે ઉભા રહ્યા છે તેવા સવાલો સેવાઈ રહ્યા છે ત્યારે ધાંગધ્રા પોલીસ ઉપર પણ સવાલો ઉઠી રહ્યા છે અગાઉ પણ આ ટોલના પાસે ઉઘરાણી થતા હોવાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા જ્યારે ભોગ બનનાર ટ્રક ડ્રાઈવર દ્વારા મિડિયા સમક્ષ માહિતી આપતાં કહ્યું હતું કે તેના ઉપર હુમલો ત્રણથી ચાર જેટલા લોકોએ કર્યો હોવાનો જણાવ્યું ઉપરાંત હુમલો કરનાર વ્યક્તિ પોલીસ વાળો હોવાનું જણાવ્યું હતું ટ્રક ડ્રાઈવરોની માંગ છે કે જો આ પોલીસ વાળો હોય તો તેને તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા દ્વારા ચોક્કસ કાર્યવાહી કરવામાં આવે અને જે ટ્રક ડ્રાઈવરને માર મારવામાં આવ્યો છે તેની ધોરણસર ની ફરિયાદ નોંધે ઉઘરાણા કરતાં આ શખ્સો સામે કાયદાકીય કાર્યવાહી કરી કાયમી ધોરણે ઉઘરાણા બંધ કરવા માંગ ઉઠવા પામી છે

# મોરારિબાપુના ધર્મપત્ની નર્મદાબેનનું નિધનઃ સમાધિ અપાઇ

**મુખ્ય સમાચાર, મહુવા**

ગુજરાતના જાણીતા કથાકાર મોરારિબાપુનાં ધર્મપત્નીનું નિધન થયું છે. નર્મદાબેન મોરારિદાસ હરિયાણીનું નિધન થયું છે. તેમણે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ખાતેના તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. પાર્થિવદેહને તલગાજરડાના નિવાસસ્થાને સમાધિ આપવામાં આવી છે.

મોરારિબાપુનાં પત્ની નર્મદાબેને ગઈકાલે મોડીરાતે ૧.૩૦ વાગ્યે દેહત્યાગ કર્યો હતો. પૂજ્ય નર્મદામાં મોરારિબાપુ હરિયાણી ઉ.વ ૭૯, તા. ૧૦/૦૬/૨૦૨૫ની રાત્રીના સમાધિસ્થ થયા છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર હતા. પૂજ્ય મોરારીબાપુની ઉપસ્થિતિમાં આજે સવારે ૮.૩૦ કલાકે તેમના પાર્થિવ દેહને સમાધિ આપવામાં આવી છે

નર્મદાબેન સાથે મોરારિબાપુના લગ્ન વણોટ ગામે થયા હતા. તેમની અંતિમવિધિ આજે સવારે ૮.૩૦ વાગ્યે તલગાજરડા મુકામે યોજવામાં આવી છે. નર્મદાબેનની થોડા



સમયથી તબિયત ખરાબ હતી અને બે દિવસથી અન્નનો ત્યાગ કર્યો હતો.

મોરારિબાપુનાં ધર્મ પત્નીએ નર્મદાબેને ૭૯ વર્ષની ઉંમરમાં દેહ છોડ્યો છે. મોરારિબાપુના લગ્ન વણોટ ગામે નર્મદાબા સાથે થયા હતા. આજે તેમની સમાધિ વિધિ તલગાજરડા મુકામે કરવામાં આવી છે.


તેમના નિધનના સમાચાર મળતાં જ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પૂજય નર્મદાબેનના નિધનથી તલગાજરડા ગામ સંપૂર્ણપણે બંધ જોવા મળી રહ્યું છે.

# જ્વેલર્સના શોરૂમમાં રૂપિયા ૨૫ લાખના દાગીના ચોરી કરનાર કર્મચારી ઝડપાયો

## જવેલર્સમાં દાગીના ગાયબ થતાં સીસીટીવી કેમેરામાં ફુટયો ભાંડો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સમાંથી ૨૫.૬૨ લાખના દાર્ગીનાની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ કર્મીએ જ હાથ ફેરો કર્યાનું સામે આવતાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. વધુ વિગતો અનુસાર, મોટા મવા સ્મશાન પાસે આંગન ગ્રીન સીટીમાં રહેતાં હીતેષભાઈ ભગવાનજીભાઇ વસોયા (ઉ.વ. ૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નૈમિશ વિજય જાની (રહે. રાજકોટ) નું નામ આપતાં તાલુકા પોલીસે ચોરીની કલમ કલમ



હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સાતેક વર્ષથી મવડી મેઇન રોડ પર આવેલ અર્જુન જજ્વેલર્સ પ્રાઈવેટ લીમીટેડ નામની સોના ચાંદીના રીટેલ વેપારના શો રૂમમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવે છે.

તે શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નૈમિષ જાની તથા યશભાઈ ઠુંમર જે સ્ટોકની દેખભાળની ફરજ બજાવે છે. ગઈ તા.૨૨/૦૫/૨૦૨૫ ના અર્જુન જવેલર્સનું સ્ટોકનું કામ સાંભળતા યશભાઈ ઠુંમરએ સ્ટોક ચેક કરતા શો-રૂમની તિજોરીમાં જોતા એક પ્લાસ્ટીકના પાઉચમાં રાખેલ સોનાના દાગીના જેમા સોનાના ચેઈન ત્રણ જેમા એક ચેઈન ૮૨ ગ્રામનો જેમાથી એક ભાગ જે આશરે ૧૩.૫ ગ્રામનો ચેઈન મુકેલ પાઉચમાં પડેલ છે.બીજો ભાગ જે ૬૮.૫ ગ્રામનો ચેઈન રૂ.૬.૯૭ લાખ, બીજા બે ચેઈન જે ૨૪-૨૪ ગ્રામના કુલ બે ચેઈન ૪૮ ગ્રામના રૂ.૪.૮૭ લાખ તેમજ સોનાની વીંટી ત્રણ નંગ રૂ.૪.૨૮ લાખ, સોનાની માળા આશરે ૧૭ ગ્રામની રૂ.૧.૭૨ લાખ, સોનાની હાથના આંગળામાં પહેરવાની પ્લેન રીંગ નંગ-૦૧ રૂ. ૭૫,૫૦૦ સોનાનુ પેન્ડલ નં.૦૧ રૂ.૧.૭૫ લાખ, સોનાનુ બ્રેસલેટ નં.૦૧, રૂ.૫.૨૮ લાખ મળી કુલ ૨૫૨ ગ્રામના ૧૦ નંગ સોનાના દાગીના રૂ.૨૫,૬૨, ૫૦૦ ના જોવામાં આવેલ નહી. જેથી તેઓએ શો રૂમની કોર ટીમને વાત કરતા આ પાઉચમાં જોતા સોનાના દાગીના જોવામાં આવેલ નહી, બાદમાં ફરીયાદીએ સ્ટાફને પુછપરછ કરેલ પરંતુ આ ચોરી થયેલ સોનાના દાગીના બાબતે કાઈ જાણવા ન મળતા બાદ તા.૦૬/૦૬/૨૦૨૫ ના શો-રૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તા.૧૫/૦૩/૨૦૨ ૫ ના લોકરની બાજુમા કેશ કાઉન્ટર ઉપર મુકેલ પ્લાસ્ટીકના ડબ્બામાના પ્લાસ્ટીકના પાઉચમા રહેલ દાગીના પૈકી અમુક દાગીના ભરેલ હતા. જે પાઉચ આ શો-રૂમમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે નોકરી કરતા નૈમીપ જાનીએ ચોરી જતા જોવામાં આવતા હોય જેથી ગઈ તા.૦૩ ના નૈમિષ જાનીને ચોરીના દાગીના બાબતે પુછતા તેને વાત કરેલ કે, મારે દેવું વધી થઈ ગયું હોય જેથી સોનાના દાગીના ચોરી કર્યા હતા.તેમ વાત કરતા શો-રૂમના માલિક મનિષભાઈ ધાડીયાને બનાવની વાત કરેલ હતી. બાદમાં માલીક મનિષભાઇએ સ્ટાફની રૂબરૂમાં નૈમિષ જાનીને વાતચીત કરવા શો રૂમે બોલાવી પુછતા તેને આશરે રૂ.૨૫,૧૨,૫૦૦ ના સોનાના દાગીના ચોરી કરેલ હોવાનુ કબુલ્યું હતું.

તેમજ નૈમિષએ દાગીના પરત આપી દેવાનુ જણાવેલ જેથી આ ચોરી અંગે રૂ. ૨૫ લાખનું લખાણ કરેલ જેમા તેને સહી કરી આપેલ હતી.

# છકડા રીક્ષા સંચાલક મંડળ દ્વારા કનડગત અંગે પોલીસ કમિશનરને આવેદન અપાયું

રાજકોટ છકડા રીક્ષા સંચાલક મંડળ દ્વારા પો. કમિશનરને આવેદન આપી જણાવેલ છે કે તેમના માલ સામાન પરિવહનમાં થતી પોલીસ ખાતા તેમજ ટ્રાફિક શાખાની થતી કનડગત થઇ રહી છે. રાજકોટ શહેરમાં અંદાજિત ૨૫૦૦ જેટલા છકડા વાહનો નાના ઉદ્યોગો તથા શાકભાજીના પરિવહનમાં ચાલી રહ્યા છે અને પોતાનું જીવન નિર્વાહ આ રીક્ષાના આધારે ચલાવી રહ્યા છે રાજકોટના જુના તથા નવા માર્કેટ યાર્ડ થી રાજકોટ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં શાકભાજી, અનાજ પરિવહન કરે છે તથા રાજકોટ શહેરના નજીક વિસ્તારો જેવા કે શાપર વેરાવળ જીઆઇડીસી, કોઠારીયા જીઆઇડીસી, મેટોડા જીઆઇડીસી નાના ઉદ્યોગના માલસામાનનો મોટાભાગે પરિવહન આ છકડા રીક્ષા દ્વારા થાય છે. છેલ્લા એકાદ માસ રાજકોટ શહેરના ઉપરોક્ત વિસ્તારના પોલીસ મથકો અને ટ્રાફિક પોલીસ શાખા દ્વારા છકડો રીક્ષા ડીટેઇન કરી મોટા દંડ કરવામાં આવે છે અને ધંધા રોજગારી નાના માણસોની બંધ થાય તે પ્રકારની ખોટી કનડગત કરવામાં આવે છે. આ અંગે યોગ્ય કરવા જણાવાયું હતું. આજે આવેદન સમયે કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : આનંદ જાવીયા

# “રાષ્ટ્રીય વયોશ્રી યોજના“ અંતર્ગત ધોરાજી તાલુકાના વૃદ્ધો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

### ૨૯૧ વૃદ્ધોનું થયું એસેસમેન્ટ, નિરાધાર વૃદ્ધ સહાય લાભ, આરોગ્ય તપાસ વગેરે સેવાઓ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

‘‘રાષ્ટ્રીય વયોશ્રી યોજના‘‘ અંતર્ગત રાજકોટ જિલ્લાના વરિષ્ઠ નાગરિકોને વિવિધ સહાયક સાધનો નિશુલ્ક પ્રદાન કરવા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં પેટા જિલ્લા હોસ્પિટલ ધોરાજી ખાતે એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો.

૬૦ વર્ષથી ઉપરના સિનિયર સીટીઝનો માટે વોકીંગ સ્ટીક, કાંખઘોડી, ટ્રાઇપોડ, વોકર, હિયરીંગ એઇડ મશીન, ફોલ્ડીંગ વ્હિલચેર, આર્ટીફિશિયલ દાંત(ચોકઠા), સ્પાઇનલ સપોર્ટ, રોલેટર વગેરે સહાયક સાધનો આપવા માટે યોજાયેલા આ કેમ્પમાં કુલ ૦૬ ડોકટર તથા અંદાજીત ૯૭ જેટલા કર્મચારીઓ સહિતના સ્ટાફે ફરજ નિભાવી હતી.

આ કેમ્પમાં કુલ ૩૧૫ લાભાર્થીઓએ અલગ અલગ પ્રકારની કુલ ૧૨૧૨ સેવાઓનો લાભ લીધો હતો જેમાં એલીમ્કો દ્વારા ૨૯૧ લાભાર્થીઓ કે જેની ઉમર ૬૦ વર્ષથી વધારે છે તેઓને એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું તેમજ ૧૯૪ જેટલા આવકના દાખલા (૧૫૬ નગરપાલિકા દ્વારા, ૩૮ તાલુકા પંચાયત દ્વારા), એસ.ટી. વિભાગ દ્વારા ૧૧૭ સીનીયર સીટીઝનને યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ૭૮ લાભાર્થીઓના બી.પી. ડાયાબિટીસની તપાસ તથા ૭૮ લાભાર્થીઓનું કેન્સર સ્ક્રીનીંગ, ૩૦૮ લોકોને ટીબી, મેલેરીયા વિગેરે રોગની સમજુતી આપી, ૨૭ લાભાર્થીઓને પી.એમ.જે.એ.વાય કાર્ડ આપવામાં આવ્યા હતા.

ધોરાજી શહેર ખાતેની એસ.બી.આઇ. બેંકના કર્મચારીશ્રીઓ દ્વારા સીનીયર સીટીઝન માટેની કાર્યરત યોજનાઓથી લાભાર્થીઓને અવગત કરાવવામાં આવ્યા તથા સહાય શાખા દ્વારા નિરાધાર વૃધ્ધ સહાય યોજનાના કુલ ૪ ફોર્મ સ્થળ પર ભરવામાં આવ્યા હતા. તદુપરાંત આધાર કાર્ડ, ઈ-કેવાયસી, મતદાર યાદીને લગત સ્વીપની કામગીરી તથા ૧૫ લાભાર્થીઓને ઉમરના દાખલા આપવામાં આવ્યા હતા. કેમ્પના સ્થળ પર વયોવૃધ્ધ લાભાર્થીઓની પાસે રહેલા તેમના આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ મેળવવા માટે વહીવટી તંત્ર તરફથી ઝેરોક્ષ માટેની અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નાયબ કલેકટર નાગાજણ એમ.તરખાલા, તાલુકા વિકાસ અધિકારી રજનીભાઇ ઠુંમર, મામલતદાર રાજેન્દ્રકુમાર પંચાલ, ડો.પુનિત વાછાણી, ડો.જે.એમ.વેસેટીયન, લીડ બેંક મેનેજર, એસ.બી.આઇ. ધોરાજી શાખા, ડેપો મેનેજર જી.એસ.આર.ટી.સી. ધોરાજી, રેવન્યુ વિભાગની ટીમ,અન્ય અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લાના ૧૮ હજારથી વધુ બાળકો કરશે શાળા પ્રવેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તેમજ બાળકોને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવા માટે આગામી તા.૨૬ થી ૨૮ જૂન દરમિયાન રાજકોટ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવશે. પ્રવેશોત્સવ દ્વારા રાજકોટ જિલ્લાના કુલ ૧૮,૫૧૭ ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૮૪૬ અને જેતપુર તથા ઉપલેટામાં નગર શિક્ષણ સમિતિ સંચાલિત ૨૧ પ્રાથમિક શાળા કાર્યરત છે. જેમાં હાલમાં ૫૪,૩૩૧ કુમાર તથા ૫૨,૩૩૭ કન્યા મળી કુલ ૧ લાખ ૬ હજાર ૬૬૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે શાળાઓમાં ધો.૧માં ૪,૯૭૬ વિદ્યાર્થીઓ તેમજ બાલવાટિકામાં ૧૩,૫૪૧ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૮,૫૧૭ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ થશે. તાલુકા અનુસાર બાલવાટિકા વર્ગમાં ધોરાજી તાલુકાના ૭૩૯, ગોંડલ તાલુકાના ૧૧૮, જામકંડોરણાના ૪૮૦, જેતપુરના ૧૧૦૯, જસદણના ૧૬૬૯, કોટડાસાંગાણીના ૮૫૭, લોધિકાના ૬૩૨, પડધરીના ૬૩૭, રાજકોટના ૨૧૫૩, ઉપલેટાના ૧૦૭૧ અને વિંછીયા તાલુકાના ૧૧૨૮ એમ કુલ ૧૩૫૪૧ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧મા ધોરાજી તાલુકાના ૪૧, ગોંડલ તાલુકાના ૩૩૯, જામકંડોરણાના ૨૪, જેતપુરના ૩૪, જસદણના ૧૯૧૨, કોટડાસાંગાણીના ૪૬, લોધિકાના ૪૮, પડધરીના ૧૩, રાજકોટના ૨૪૬૫, ઉપલેટાના ૨૯ અને વિંછીયા તાલુકાના ૨૫ એમ કુલ ૪૯૭૬ વિદ્યાર્થીઓ શાળા પ્રવેશ કરશે. ત્યારે શાળકીય નવા વર્ષના શુભારંભ સાથે શાળાઓ ભૂલકાંઓના કિલ્લોલથી ગૂંજી જીવંત થશે.

# રાજકોટ જિલ્લાના ખેલ મહાકુંભ ૨.૦ તથા ૩.૦ના વિજેતાઓને રોકડ પુરસ્કાર અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ખેલ મહાકુંભ ૨.૦ અને ૩.૦ અંતર્ગત તાલુકાકક્ષા અને જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ રાજકોટ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે ખેલ મહાકુંભ ૨.૦ કે ૩.૦ની રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જમા કરાવવાની રહેશે.

રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓ અને કોચીઝને રોકડ-પુરસ્કાર મળેલ ના હોય તે ખેલાડીઓએ ભાગ લેવા ગયેલ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રનો સંપર્ક કરી ખેલ મહાકુંભ ૨.૦ રજિસ્ટ્રેશનની વિગત, બેંક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ તા.૨૦/૦૬/૨૦૨૫ સુધીમાં જમા કરાવવાની રહેશે, ખેલ મહાકુંભ ૩.૦ ના ખેલાડીઓએ રજીસ્ટ્રેશન ની વિગત બેંક ખાતાની પાસબુક ની નકલ અથવા કેન્સલ ચેકની નકલ તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં જમા કરાવવાની રહેશે ત્યારબાદ રોકડ-પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે પાર્થભાઈ મહેતા મો.નં.-૯૫૫૮૨૧૯૦૧૪ પર સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રાની યાદીમાં જણાવાયું છે.

## સમાચાર સંક્ષીપતમાં

### અપહૃત તરુણીની ભાળ આપવા અંગે

રાજકોટ શહેરમાં કોઠારીયા રોડ પર વેલનાથ સોસાયટી સામે ઝુંપડપટ્ટીમાં રહેતા સંજયભાઈ કુંવરીયાની તરુણ વયની પુત્રીને શંકાસ્પદ આરોપી જયદેવભાઈ વાઘીયા ગત તા. ૦૧ જૂનના રોજ અપહરણ કરી લઈ ગયો છે. અપહૃત તરુણીની ભાળ મળે તો આજી ડેમ પોલીસ મથક ખાતે જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### અપહૃત સગીરાની ભાળ આપવા અનુરોધ

મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ રાજકોટના ગ્રીનટેક પોલીપ્લાસ્ટ, કામનાથ વે બ્રીજ સામે, રેલવે ઓવરબ્રિજ પાસે, કોઠારીયા રિંગરોડની રહેવાસી સગીરાનું તા.૧૧/૦૫/૨૦૨૫ના ૨૨૦૦ વાગ્યાથી તા.૧૨/૦૫/૨૦૨૫૫ના ૦૧૦૦ વાગ્યા દરમ્યાનમાં તેના રહેણાંક પાસેથી અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ કરવામાં આવેલ છે. સગીરાની ભાળ મળી આવે તો આજીડેમ પોલીસ સ્ટેશનને જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### રાજકોટમાં ભક્તિનગર પાસે અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

રાજકોટમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભક્તિનગર રેલવે સ્ટેશનના ગેટ પાસેથી આશરે ૪૫ વર્ષનો, મજબુત બાંધાનો અજાણ્યો પુરુષ મૃત હાલતમાં મળી આવ્યો છે. રખડતો, ભટકતો અને શરીરે કાળી સફેદ મુછ તથા કાળી સફેદ દાઢી તેમજ માથે ટુંકા વાળ ધરાવતા આ પુરુષે કોફી કલરનું ટીશર્ટ પહેર્યું હતું અને કાળું ટુંકુ પેન્ટ પહેરેલું હતું. તેના શરીર પર કોઈ જાતના નિશાન જોવા મળ્યા નથી. આ શખ્સના મૃતદેહને અંતિમવિધિ માટે સામાજિક કાર્યકર રમણીકભાઈ પરમારને સોંપવામાં આવ્યો છે, તેમ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી બી.આ. સાવલિયાની યાદીમાં જણાવાયું છે.

### રાષ્ટ્રીય વયો શ્રી યોજના અંતર્ગત તા.૧૧ થી ૨૦ જૂન દરમિયાન રાજકોટ જિલ્લાના વિવિધ સ્થળોએ એસેસમેન્ટ કેમ્પ યોજાશે

રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝનો માટે વોકિંગ સ્ટિક, કાંખ ઘોડી, ટ્રાઈપોડ, વોકર, હિયરિંગ એઈડ મશીન વગેરે પ્રકારના સાધનોના લાભથી એક પણ વરિષ્ઠ નાગરિક વંચિત ન રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષા તથા શહેર કક્ષાએ એસેસમેન્ટ કેમ્પ યોજાઈ રહ્યા છે.

આગામી તા.૧૧ જૂનના રોજ સી.એચ.સી.કોટડા સાંગાણી, તા.૧૨ જૂનના રોજ સરકારી હોસ્પિટલ જસદણ, તા.૧૩ જૂન સી.એચ.સી. વિંછીયા, તા.૧૬ જુન સી.એચ.સી. લોધિકા, તા. ૧૭ જૂન સી.એચ.સી. પડધરી, તા. ૧૮ જૂન સી.એચ.સી. કુવાડવા (રાજકોટ ગ્રામ્ય)તેમજ તા.૧૯ અને ૨૦ જૂનના રોજ રાજકોટ શહેર ખાતે સવારે ૯૦૦ થી ૫૦૦ વાગ્યા દરમિયાન એસેસમેન્ટ કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા તમામ વરિષ્ઠ નાગરિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ધો.૮ અને ધો.૧૦ પાસ વિદ્યાર્થીઓ રોજગારલક્ષી કોર્સમાં પ્રવેશ મેળવી શકશે

### આઈ.ટી.આઈ લોધિકામાં કોમ્પ્યુટર કોપા, મીકે.ડીઝલ, ઈલેક્ટ્રિશિયન વગેરે કોર્સ ઉપલબ્ધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકાના ખીરસરામાં ચીભડા ચોકડી પાસે આવેલ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં વિવિધ કોર્સમાં પ્રવેશ માટે અરજી કરી શકાશે.

જે પૈકી ધો.૧૦ પાસ માટે કોમ્પ્યુટર કોપા, મીકે.ડીઝલ, ફીટર, ઈલેક્ટ્રિશ્યન અને બ્યુટી પાર્લર કોર્સ તથા ધો.૦૮ પાસ માટે સીવણ અને વાયરમેન જેવા રોજગારલક્ષી કોર્સમા પ્રવેશ માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી ઓનલાઈન શરૂ કરાઈ છે.

પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સવારના ૧૦ કલાકથી સાંજના ૫ કલાક દરમ્યાન સંસ્થા ખાતે સંપર્ક કરવાનો રહેશે.

ફોર્મ ભરવા માટે તથા વધુ માહિતી માટે https://iti-admission.gujarat.gov.in/ વેબસાઈટ ઉપલબ્ધ છે. તથા સંસ્થાનાં ફોન નં. ૦૨૮૨૭ ૨૯૯૫૬૬ પર સંપર્ક કરી વધુ જાણકારી મેળવી શકાશે તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ચોટીલાના ચકચારી ૧.૮૦ કરોડની છેતરપિંડીમાં ૧૨ શખ્સોને પોલીસે દબોચી લીધા

### લોભામણી સ્કીમ બહાર પાડી મોટી રકમનું ફુલેકું ફેરવ્યું હતું, ચામુંડા ક્રેડિટ સોસાયટી મંડળીના સંચાલકો સામે ફરિયાદ નોંધાતા પોલીસની કાર્યવાહી



**મુખ્ય સમાચાર ચોટીલા**

ચોટીલા શહેરમાં ચામુંડા ક્રેડીટ સોસાયટી મંડળીના નામે લોભામણી સ્કીમ બહાર પડાઈ હતી. જેમાં વિવિધ બચત પ્લાન હેઠળ અનેક લોકોએ પૈસાનું રોકાણ કર્યુ હતુ. ત્યારે રોકાણકારોને પૈસા પરત ન આપી મંડળીના પ્રમુખ સહિતના ભાગીદારોએ રૂપિયા ૧,૮૦,૨૭,૧૫૦ની છેતરપિંડી આચરી હોવાની ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે ૧૨ શખ્સોને ઝડપી લીધા છે.

ચોટીલાના ભીમગઢમાં રહેતા ભરતભાઈ નરશીભાઈ માલકીયાએ ચામુંડા ક્રેડીટ સોસાયટી મંડળીમાં રોકાણ કરવાની શરૂઆત કરી હતી. ૩૫ સભ્યોની મંડળી બનાવી દર મહિને ૨૬ હજાર ભરવાના અને દર માસે થતા ડ્રોમાં નામ આવે તેને ૪૬ હજાર મળે તે સહિતની અલગ-અલગ ૧૦૦ રૂપિયાથી લઈને મોટી રકમ સુધીની યોજનાઓ હેઠળ તેમાં રોકાણ કરતા હતા. શરૂઆતમાં થોડા રૂપિયા પરત આવતા તેઓને વધુ આશ જાગતા વધુ નાણાંનું રોકાણ કરતા હતા.

બાદમાં મંડળીના પ્રમુખ સહિતનાઓ રૂપિયા પાછા દેવામાં ગલ્લા-તલ્લા કરતા હતા. આથી તેઓએ ચોટીલા પોલીસ મથકે લેખિતમાં અરજી કરી હતી. આ અરજી પોલીસને મળતા ભરતભાઈની જેમ અન્ય લોકો પણ આ સ્કીમ હેઠળ છેતરાયા હોવાનું સામે આવ્યુ હતુ.

આથી ચોટીલા પોલીસ મથકે ૧૧ સામે અનિયંત્રિત ડીપોઝીટ યોજનાઓ ઉપર પ્રતિબંધ વર્ષ ૨૦૧૯, પાઈઝ ચીટ અને મની સરકયુલેશન સ્કીમ(બેનીંગ) એકટ ૧૯૭૮ મુજબ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે ચોટીલા પીઆઈ આઈ. બી. વલવી સહિતની ટીમે મંડળીના પ્રમુખ ચોટીલાની ચામુંડાનગર સોસાયટીમાં અરજણભાઈ બીજલભાઈ ખાંભલા, ભાગીદારો ભરત ગોકળભાઈ આલ, હરેશ જીવાભાઈ ધીયડ, ભરત રત્નાભાઈ ધીયડ, દેવા રૂપાભાઈ આલ, અરજણ ઉર્ફે અર્જુન વિભાભાઈ કલોતરા, વિજય રત્નાભાઈ આલ, રામ હીરાભાઈ ધીયડ, સંજય ગોકળભાઈ ખાંભલા, હરેશ રાણાભાઈ ખાંભલા, શિવરાજ ઉર્ફે દેવરાજ બોઘાભાઈ ખાંભલા અને હરેશ રૂપાભાઈ ધાંધળને ઝડપી લીધા છે.

# રાજકોટ ડીસીપી ઝોન ૨, એ ડીવીઝન પીઆઇ, બે પીએસઆઇ, એલસીબીના ૧૫ જવાનો સામે કોર્ટમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

દુષ્કર્મની ઘટનામાં રીબડાના યુવકે આપઘાત કર્યા બાદ મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાઈ હતી જેમાં ગોંડલ સબ જેલમાં બંદીવાન યુવતીએ રાજકોટના ડીસીપી, પીઆઈ, બે પીએસઆઈ, એલસીબીના ૧૫ પોલીસ સહીતના સામે રાજકોટ કોર્ટમાં ફરિયાદ કરી તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલને સોપવા તેમજ સીપી કચેરી સહિતના સીસીટીવી કબજે કરવા માંગ કરી છે. મૂળ રાજકોટની અને હાલ ગોંડલ સબ જેલમાં જેલવાસ ભોગવતી પૂજા રાજગોરએ તેના વકીલ ભૂમિકાબેન પટેલ મારફ્ત રાજકોટ કોર્ટમાં રાજકોટના ડીસીપી જગદીશ બાંગરવા, એ ડીવીઝનના પીઆઈ, બે મહિલા પીએસઆઈ તથા સુરભી હોટલ ખાતે બંધક બનાવીને રાખનાર એલસીબીના ૧૫ જેટલા જવાનો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારી સગીરા બહેનપણી સાથે ૩ મેના રોજ અમિત ખૂંટે દુષ્કર્મ કર્યું હોય જે અંગે ગત ૫ મેના રોજ એ ડીવીઝન ખાતે મેડીકલ રીપોર્ટ કરાવવા ગયા હતા ત્યાંથી સીપી કચેરીએ ડીસીપી પાસે લઈ ગયેલ ત્યાં ડીસીપીએ સતત ધાકધમકી આપી કહ્યું હતું કે તમે બેયે કરેલા કાંડના કારણે જ અમિતે આત્મહત્યા કરી લીધેલ છે તમે બેય ફસાય જવાના છો તમને એવા ફીટ કરવા છે અને કબુલ કરી લ્યો કે ઐત ખુંટને હનીટ્રેપમાં ફસાવ્યો છે બાકી તમારા બેય વિરુદ્ધ એવો કેસ કરીશ તો આખી જિંદગી બહાર નહી નીકળી શકો સાંજ સુધી બેસાડી રાખ્યા હતા ત્યાંથી એ ડીવીઝન અને ત્યાંથી સુરભી હોટલ જ્યાં રહીએ છીએ ત્યાં લઈ જઈ રૂમમાં બંધ કરી એ ડીવીઝન અને એલસીબીના ૧૫ જવાનોનો સ્ટાફ હાજર રહ્યો હતો સવારે અમને બંનેને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશને લઇ ગયા હતા આ અગાઉ પણ એક દિવસ અમને હોટલમાં ગોંધી રાખ્યા હતા ત્યાં અમારા વિરુદ્ધ થયેલી ફરિયાદની કોઈ માહિતી આપી ન હતી અમારા મોબાઈલ લઈ લીધા હતા સંબંધીને જાણ કરી ન હતી બંધક બનાવીને રાખ્યા ત્યારે ખોટી કબુલાત આપવા લાલચ અને ધમકીઓ આપવા, પંચનામા વિના મોબાઈલ કબજે કરવા સહિતના મુદ્દે ફરિયાદ કરી હતી અમને તમામ સ્થળે કાળા કાચવાળી ગાડીમાં જ લઇ જવામાં આવતા હતા જો કે ઉપરોક્ત તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હોય જેથી આ ફરિયાદની નિષ્પક્ષ તપાસ થઈ શકે તેમ ન હોય આ તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલને સોપવા અરજ કરી છે.

# રાજગઢ ખાંડાધાર રોડ પર ગોઝારો અકસ્માત, બે યુવાનોના મોત

### બે બાઈક વચ્ચે અકસ્માત થતાં રાજકોટના યુવાન કરણ દિવેચા સહિત બેના મોત



**મુખ્ય સમાચાર, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણી તાલુકાના રાજગઢ-ખાંડાધાર રોડ પર બે મોટરસાયકલ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતા બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય એક યુવાનને ગંભીર હાલતમ હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દુર્ઘટનામાં રામોદ છે. ગામના રહેવાસી રોહિત દીપકભાઈ રાઠોડ (ઉ.વ. ૨૪) અને રાજકોટના વતની (મૂળ રામપરા-નવાગામ) કરણભાઈ કમલેશભાઈ દિવેચા (ઉ.વ. ૨૮)નું મૃત્યુ થયું હતું.

રોહિત રાઠોડ શક્તિમાન કંપનીમાં નોકરી કરતો હતો અને પોતાની ફરજ પૂરી કરી તેના સાથી કર્મચારી કિશન રસિકભાઈ પડાળીયા (ઉ.વ. ૨૩) સાથે બાઈક પર પોતાના ગામ રામોદ પરત ફરી રહ્યો હતો. તે સમયે સામેથી આવી રહેલા કરણભાઈ દિવેચાના બાઈક સાથે તેમની બાઈકની જોરદાર ટક્કર થઈ હતી. કરણભાઈ પોતાની દીકરી અને બહેનને રામપરા નવાગામ મૂકીને રાજકોટ પરત જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કિશન પડાળીયાને તાત્કાલિક સારવ-ાર માટે પ્રથમ ગોંડલની સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મૃતક કરણભાઈ દિવેચા પરિણીત હતા અને તેમને સંતાનમાં એક દીકરી છે. તેઓ છૂટક મજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રોહિત રાઠોડ છેલ્લા એક વર્ષથી શક્તિમાન કંપનીમાં ફરજ બજાવતો હતો અને પરિવારમાં માતા, બે ભાઈઓ અને એક બહેનમાં સૌથી નાનો હતો. આ દુખદ સમાચાર મળતાની સાથે જ મૃતકોના સગા-સંબંધીઓ અને મિત્રો મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે એકઠા થયા હતા, જેના કારણે વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું.

# શાપર નજીક કાસ્ટીંગની ફેક્ટરીમાં બોઈલર ફાટતાં માલિકનું મોત

### કારીગર, ભાગીદાર સહિત ચાર આગની ઝપેટમાં આવ્યા, એકની હાલત ગંભીરઃ લોધિકા પોલીસે વધુ તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપર નજીક આગળ ગોલ્ડન ગેઈટ-રમાં આવેલી કાસ્ટિંગની ફેક્ટરીમાં રવિવારે મોડી રાત્રે કોઈ કારણસર બોઈલર ફાટતાં ફેક્ટરીના ભાગીદારો તેમજ કારીગર સહિત ૪ લોકો આ આગની ઝપેટમાં આવી ગયા હતા.

દાઝેલી હાલતમાં તમામને રાજકોટ સારવાર અર્થે ખસેડતાં ૨૭ વર્ષીય ફેક્ટરીના માલિકનું મોત નિપજ્યું હતું. જ્યારે એક કારીગરની હાલત ગંભીર હોવાથી સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે.

શાપર પાસે આવેલી પ્રિસીઝન એલોયકાસ્ટ નામની ફેક્ટરીમાં રવિવારે રાત્રે ૧૦૩૦ વાગ્યા આસપાસ કારીગરો કામ કરી રહ્યા હોય તે દરમિયાન બોઈલર ફાટતાં જોરદાર વિસ્ફોટક અવાજ સાથે ફેક્ટરીમાં આગ ફાટી નીકળી હતી.

આ આગમાં ફેક્ટરીમાં કામ કરતો ઉત્તરપ્રદેશનો ૨૩ વર્ષીય શ્રમિક યુવક રામકુવાલ રજપૂત, સંચાલક ભરત ધીરૂભાઈ કાકડીયા (ઉં.વ.૨૭) રહે શિવમ પાર્ક મોરબી રોડ) તેમજ તેના ભાઈ જયેશ ધીરૂભાઈ કાકડીયા (ઉં.વ.૨૪) અને ભાગીદાર પિયુષ ગોરધનભાઈ પીપળીયા (ઉં.વ.૩૫) દાઝી ગયા હોય જેથી ચારેયને તત્કાલિક સારવાર અર્થ રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

રામકુવાલ રજપૂતને સિવિલ હોસ્પિટલમાં જયારે ગંભીર દાઝી ગયેલા ભરતભાઈ કાકડીયાને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ભરતભાઈએ દમ તોડી દીધો હતો. બનવા અંગે જાણ થતાં લોધિકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી. વધુમાં મૃતક ભરતભાઈ બે ભાઈ એક બહેનમાં મોટા અને તેઓને સંતાનમાં એક પુત્ર છે. પરિવારના આધારસ્તંભ એવા પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

# નરેન્દ્રભાઇ મોદીના ૧૧ વર્ષના સુશાસન કાળમાં દેશના અર્થતંત્રને નવો બુસ્ટરડોઝ મળ્યોઃ પરષોતમ રૂપાલા

### મોદી સરકારના શાસનકાળને ૧૧ વર્ષ પૂર્ણ થતા શહેર તેમજ જિલ્લા ભાજપ દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ




તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જીલ્લા ભાજપ દ્વારા આજે વિકસિકત ભારત અમૃતકાળના ૧૧ વર્ષ પૂર્ણ થતા પત્રકાર પરિષદ યોજાઇ હતી. જેને સંબોધતા સાંસદ પરષોતમ રૂપાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના શાસન કાળનો ૧૧ વર્ષનો સમય સેવા અને સુશાસનનો રહ્યો છે. આ ૧૧ વર્ષમાં ભાજપ સરકારે અગણિત કામો કર્યા છે જે ગૌરવની વાત છે. તેઓએ જણાવ્યું કે, નરેન્દ્રભાઇ મોદીના શાસન કાળમાં દેશે ઐતિહાસીક પડાવ યાત્રા પાર કરી છે. જે માટે વડાપ્રધાનને અભિનંદન આપવા ઘટે.

૧૧ વર્ષના સુશાસન દરમ્યાન નરેન્દ્રભાઇ દ્વારા ઓપરેશન સિંદુર, જનધન યોજના, આયુષ્યમાન કાર્ડ, ૩૭૦ કલમ હટાવી, જીએસટી સહિતના અનેક નિર્ણયો લેવાયા છે જે દેશની જનતા માટે આવકારદાયક સાબિત થયેલ છે. ખાસ કરીને તેઓએ એ બાબતનો ઉલ્લેખ કર્યો કે, જીએસટીમાં અત્યાર સુધી જે પણ નિર્ણયો લેવાયા છે તે સર્વાનુમતે લેવાયા છે. તેઓએ મોદી સરકારને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ૧૧ વર્ષમાં દેશના અર્થતંત્ર, ઉદ્યોગ જગત તેમજ વાણીજય જગતને નવો બુસ્ટરડોઝ મળ્યો છે. આજે દેશનું અર્થતંત્રની ગાડી ટોપ ગેરમાં દોડી રહી છે. આયુષ્યમાન કાર્ડ હેઠળ ૫૦ કરોડ પરિવારને સુરક્ષા કવચ આપવાનો નિર્ણય ગરીબો માટે રામબાણ સાબિત થયો છે. તેઓએ આત્મનિર્ભર ભારતના નિર્ણયની પણ પ્રસંશા કરી મોદી સરકારની પીઠ થપાવી હતી.

એક બાબતનો ખાસ ઉલ્લેખ કરતા સાંસદ પરષોતમભાઇ એ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઇ મોદીને સક્રિય રાજકારણમાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. જેનો હું સાક્ષી રહ્યો છું. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ અનેક લોકશાહીને અનુરૂપ નિર્ણયો લીધા હતા. આજની પત્રકાર પરિષદમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોધરા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, રમેશભાઇ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે તેમજ પ્રવકતા રાજુભાઇ ધ્રુવ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારીયા સોલવન્ટ નજીક ટ્રેન હડફેટે બે યુવાનના કમકમાટી ભર્યા મોત

**થોરાળા મેઈન રોડ પર રહેતો પરપ્રાંતિય યુવાન અને સમઢીયાળા ગામનો યુવાન ગત રાત્રીના ગુમ થયા બાદ રેલ્વે ટ્રેક પાસેથી લાશ મળી આવતા પરિવારમાં કરૂણ કલ્પાંત**







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે કોરાટ ચોકડી નજીક ઢુંવા ફાટક પાસે ટ્રેન હડફેટે બે યુવાનના કમકમાટીભર્યા મોત નિપજયાનો બનાવ બનતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ અંગે જાણ થતા શાપર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહો પીએમ માટે ખસેડયા હતા.

મૃતકમાં સુનિલ મકવાણા રાજકોટ તાલુકાના લીલીસાજડીયાળી ગામે રહે છે જયારે સૌરભ સોલંકી મુળ બિહારનો વતની છે પણ રાજકોટના નવા થોરાળામાં રહે છે. બંને મિત્રો એક જ કારખાનામાં કામ કરતા હોય રાત્રે તેઓ કારખાને જતા હતા ત્યારે બનાવ બન્યો હોવાનો પ્રાથમિક તબકકે જાણવા મળેલ છે.

બનાવની મળતી વિગત મુજબ સુનિલ જયંતિભાઈ મકવાણા (ઉ.વ.૨૭, રહે. લીલીસાજડીયાળી ગામ, તા. રાજકોટ) અને સૌરભ પાલનપ્રસાદ સોલંકી (ઉ.વ.૨૪, રહે. નવા થોરાળા, ખીજડા રોડ, રાજકોટ) બંને ગોંડલ હાઈવે નજીક કોરાટ ચોકડી પાસે ઢુંવા ફાટક નજીક આવેલ હેમ પેકેજીંગ નામના કારખાનામાં નોકરી કરતા હતા. ગઈકાલે રાત્રે ૧.૩૦ વાગ્યે તેઓ ઢુંવા ફાટક પરથી પસાર થતા હતા ત્યારે ટ્રેનની ઠોકરે ચડી જતા બંનેના ઘટના સ્થળે જ કમકમાટભર્યા મોત નિપજયા હતા.

બનાવ બન્યા બાદ લાંબા સમય પછી જાણ થઈ હતી. શાપર પોલીસને આ અંગે કોઈએ માહિતી આપતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. બંનેની ઓળખ મેળવી પરિવારજનોને જાણ કરી હતી અને જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહો પીએમ અર્થે ખસેડયા હતા.

મૃતક સુનિલ મકવાણા અને સૌરભ સોલંકીનો ફાઈલ ફોટો અને ઘટના સ્થળે પડેલ બંનેના મૃતદેહ તેમજ સીવીલ હોસ્પિટલ ખાતે એકત્ર થયેલ તેમના સ્વજનો.

# ટંકરા જુગાર તોડકાંડમાં સસ્પેન્ડેડ પીઆઈ પાસેથી રૂ.૧૦ લાખની રિકવરી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા નજીક આવેલ હોટલમાં હાઈપ્રોફાઈલ જુગારધામમાં ચકચારી તોડકાંડમાં ફરાર સસ્પેન્ડેડ પીઆઈના કુલ પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન તપાસનીશ ટીમ માત્ર દસ લાખની રિકવરી કરવા સિવાય અન્ય કોઈ નક્કર હકીકત સામે લાવી ન શકી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. બીજી તરફ તપાસનીશ ડીવાયએસપીનો સંપર્ક સાધતા તેઓનો ફોન રિસીવ થયો ન હતો.મંગળવારે પીઆઈના રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટમાં રજૂ કરી જેલહવાલે કરવામાં આવ્યા હતા.

ટંકારા પોલીસ મથકના તત્કાલિન પીઆઈ યુવરાજ કિશોરસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપત હરિસિંહ સોલંકી સહિત પોલીસ કર્મીઓએ તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૪ની રાત્રે રાજકોટ-મોરબી હાઈવે ઉપર આવેલા કમ્ફર્ટ રિસોર્ટના રૂમ નં.૧૦૫માં દરોડો પાડી રાજકોટના જવેલર્સ પુત્ર સહિત ૮ લોકોને જુગાર કેસમાં પકડી પાડી મીડિયામાં ફોટા નહીં આપવા, પોલીસ ફરિયાદમાં નામ ફેરવી નાખવા તેમજ સવારે જામીન આપી દેવાની અવેજીમાં ૫૧ લાખનો તોડ કર્યો હોવાની ઉચ્ચકક્ષાએ ફરિયાદ થતા સમગ્ર મામલે એસએમસીએ તપાસમાં ઝુકાવી ધગધગતો રિપોર્ટ કરતા પીઆઈ અને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી બન્ને વિરુદ્ધ ગુન્હો દાખલ થયો હતો.

બીજીતરફ ગુન્હો નોંધાયા બાદ હેડ કોન્સ્ટેબલ મહિપત સોલંકી અને પીઆઈ વાય.કે. ગોહિલને લાંબો સમય ફરાર રહ્યા બાદ કોન્સ્ટેબલે સરન્ડર કર્યું હતું જયારે એસએમસીની ટીમે કચ્છના આદિપુરથી પીઆઈને પકડી લીધા હતા. જે બાદ સસ્પેન્ડેડ પીઆઈ ગોહિલને ૧૦ દિવસની રિમાન્ડની માંગ સાથે રજૂ કરવામાં આવતા ત્રણદિવસના રિમાન્ડ મંજુર કરાયા હતા જે બાદ ફરી બે દિવસના ફર્ધર રિમાન્ડ માંગવામાં આવતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જો કે, કુલ પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન પોલીસે પીઆઈ પાસેથી ૧૦ લાખ રિકવર કર્યા હતા પરંતુ અન્ય કોઈ વિગતો બહાર લાવી શકી ન હતો. દરમિયાન રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટે સસ્પેન્ડેડ પીઆઈને જેલહવાલે કરવાનો હુકમ કર્યો હતો.

# કટારિયા ચોકડીએ ઓવરબ્રીજને નડતરરૂપ ૨૫થી વધારે બાંધકામોને તોડી પાડતી મનપા તંત્ર

### ૧૫ કરોડથી વધુની કિંમત જમીન ખુલ્લી કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કાલાવડ રોડ પર કટારીયા ચોકમાં ફ્લાયઓવરનું કામ શરૂ કરતા પૂર્વે ડાયવર્ઝન અને સર્વિસ રોડના કામ ચાલી રહ્યા છે ત્યારે નવા રીંગ રોડ ટચ આવા જ રોડ પર ખડકાયેલા ૨૫ જેટલા કાચા-પાકા મકાનો પર ટીપી શાખાએ બુલડોઝર ફેરવી દીધા છે. આ રીતે ૧૫ કરોડની જમીન તંત્રએ ખુલ્લી કરાવી છે. કમિશ્નરના હુકમથી અને ડે.કમિશ્નરના માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોન ટીપી શાખાએ આજે સવારે આ ઓપરેશન કર્યું હતું. કોર્પો.ને વોર્ડનં.૧૧માં ટીપી સ્કીમ નં.૧૦ મોટા મવા, અંતિમ ખંડ નં.૭૯/બીમાં કટારીયા ચોકડીએ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર હેતુનો પ્લોટ મળેલો છે. ચોકડીથી જમણી તરફ પોલીસ સ્ટેશન સામે અને લક્ષ્મીના ઢોરા પહેલા આવેલ આ જગ્યા પર ૨૫ જેટલા કાચા-પાકા મકાનો બંધાઈ ગયા હતા. આ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવીને ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. અહીં પ્રતિ ચો.મી. ભાવ રૂા. એક લાખ ગણતા જગ્યાની બજાર કિંમત ૧૫ કરોડ હોવાનું વિભાગે જણાવ્યું હતું.

આ અંગે વેસ્ટ ઝોનના સીટી ઈજનેર કુંતેશ મહેતાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, કટારીયા ચોકડીએ વિશાળ કેબલ બ્રીજનું મુખ્ય કામ શરૂ કરતા પૂર્વે રોડની બંને તરફ ડાયવર્ઝન સાથે સર્વિસ રોડના કામ કરવામાં આવી રહ્યા છે. આ જગ્યાએ મકાનના દબાણ હતા. ત્યાંથી વાહનો માટે વૈકલ્પિક સર્વિસ રોડ બનાવવાના થાય છે. આથી આ જગ્યા ખુલ્લી કરાવવામાં આવી છે. આ ડિમોલીશનમાં ટીપી શાખાનો કાફલો, એસ્ટેટ, ફાયર, રોશની, વિજીલન્સ પોલીસ અને પીજીવીસીએલના કર્મચારીઓ જોડાયા હતા.

# આટકોટ નજીક ટ્રકમાંથી ચાલકે ૧૦૦ લિટર ડીઝલ કાઢી બારોબાર વેંચી દીધુ

### રોકડી કરી લેનાર ધારી પંથકના ચાલક અને ડીઝલ ખરીદનાર બળધોઈ ગામ નજીક આવેલ જય દ્વારકાધીશ હોટેલના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમરેલીની શિતલ કુલ પ્રોડક્ટ લિમિટેડના ડ્રાયવરે ટ્રકમાંથી ૧૦૦ લિટર ડીઝલ કાઢી બારોબાર વેંચી મારતા આટકોટ પોલીસમાં ટ્રક ચાલક અને ડીઝલ ખરીદનાર હોટેલ સંચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવ અંગે અમરેલીની એમેજોન સોસાયટીના રહેતા ૨૯ વર્ષીય યુવાન દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજાએ આટકોટ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડ-અમરેલી ખાતે ટ્રાન્સપોર્ટેશનનું કામ સંભાળે છે. ટ્રાન્સપોર્ટેશનમાં અલગ અલગ કંપનીની કુલ ૮૭ ગાડીઓ ચાલે છે. શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડ અમરેલીમાં આઈશર કંપનીનો ટ્રક નં. જીજે-૧૪-એક્સ-૩૧૦ ગાડીમાં મહેશ ગોંવીદ રાઠોડ (રહે. મીઠાપુર ડુંગરી, ધારી,અમરેલી) છેલ્લા આઠેક દીવસથી વર્ધીમાં ડ્રાઈવર તરીકે



નોકરી કરે છે. તેને અલગ અલગ ગાડીઓમાં વર્ધી આપવામાં આવે છે.

ગઈ તા.૦૯ ના રાત્રીનાં સાડા અગિયાર વાગ્યે મહેશને જામનગરની વર્ધી આપેલ હતી. જેથી મહેશ શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડની આઈશર ગાડી નં. જીજે-૧૪-એક્સ-૩૧૦૪ લઈ જામનગર ખાતે ડીલવરી આપવા ગયો હતો. બાદમાં ગઈકાલે બપોરના ચાર વાગ્યે અમરેલી પરત આવ્યો હતો.

મહેશે શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડનાં કનઝ્યુમર પંપથી પોતે વર્ધી કરીને પરત આવતા આઈશર ગાડીમાં ડીઝલ પુરાવવું જરૂરી જણાતા ૨૪૭ લીટર ડીઝલ રૂ. ૧૭૭૦૭ નું પુરાવેલ હતું. સામાન્ય રીતે જામનગર જવા આવવાનું ડીઝલ આટલુ ન થતુ હોય તેને પુછેલ કે, ડીઝલ કેમ આટલું વધુ આવેલ? જેથી મહેશએ જણાવેલ કે, રાજકોટ-આટકોટ હાઈવે રોડ ઉપર બળધોઈ ગામના પાટીયા નજીક આવેલ જય દ્વારકાધીશ હોટલ ખાતે બપોરના બે વાગ્યાની આસપાસ ૧૦૦ લીટર ડીઝલ કાઢેલ અને આ ડીઝલ જય દ્વારકાધીશ હોટલ વાળાને રૂ.૭૦૦૦ માં વેચાણ કરેલ હતું.

જેથી આ તમામ હકીકત શેઠ દીનેશભાઈ દકુભાઈ ભુવા (રહે-અમરેલી)ને જણાવ્યા બાદ મામલામાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં આટકોટ પોલીસે ટ્રક ડ્રાયવર મહેશ ગોવિંદભાઈ રાઠોડ અને ડીઝલનો જથ્થો ખરીદનાર રાજકોટ-આટકોટ હાઈવે પર બળધોઈ ગામના પાટિયા નજીક આવેલી જય દ્વારકાધીશ હોટેલના સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# માધાપર ચોકડી પાસે કાર ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા પુત્રની નજર સામે માતાનું કરૂણ મોત

### પુત્રના ઘરે જમવા જતા રસ્તામાં કાળ ભેટયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર-બેડી બાયપાસ હાઈવે પર આવેલી એડીબી હોટલ નજીક પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સ્વાર વૃધ્ધાનું પુત્રની નજર સામે જ મોત નિપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પુત્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. રેલનગરમાં કર્ણાવતી સ્કૂલ પાસે શ્રીનાથજી પાર્ક શેરી નં.૫માં રહેતાં પુષ્પાબેન અશોકભાઈ નાઢા (ઉ.૮૩) આજે બપોરે તેના મોટાપુત્ર અરવિંદભાઈ (ઉ.૬૩)ના બાઈકમાં બેસી માધાપર-બેડી હાઈવે પર એડીબી હોટલ પાછળ રોણકીમાં રહેતાં તેના નાના પુત્રનાં ઘરે જમવા જઈ રહ્યા હતાં ત્યારે એડીબી હોટલ પાસે પહોંચતાં પુરપાટ ઝડપે આવતાં કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં માતા- પુત્રને ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જેકે ગંભીર રીતે ઘવાયેલા પુષ્પાબેનનું સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું. જ્યારે તેના પુત્ર અરવિંદભાઈની સારવાર શરૂ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પુષ્પાબેનને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી હોવાનું અને પતિ હૈયાત ન હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# જામનગરના રણમલ તળાવમાં ઝંપલાવી મહિલાએ કર્યો આપઘાત

### હાલ જામનગરમાં રહેતી સિધી લોહાણા યુવતીએ માનસિક અસ્થિરતાના કારણે આત્મહત્યાનું પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણમલ તળાવમાં ગઈકાલે એક યુવતીએ પાણીમાં ઝંપલાવી દઈ આત્મહત્યા કરી લીધી હતી. ફાયર બ્રિગેડની ટીમ બનાવના સ્થળે દોડી ગઈ હતી, અને તેણીને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તેણી મૃત્યુ પામી હતી.



આ બનાવની જાણ થતાં સિટી એ. ડિવિઝનના પી.એસ.આઈ. ડી.જી રામાનુજ તળાવની પાળે તેમજ ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં પહોંચી ગયા હતા, અને અજ્ઞાત યુવતીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ તેણીની ઓળખ કરવા માટેની કવાયત શરૂ કરી હતી. દરમિયાન ગઈ રાત્રે તેની ઓળખ થઈ ચૂકી છે. જેનું નામ વંદનાબેન (ઉ.વ.૩૦) અને સિધી લોહાણા જ્ઞાતિ ની હોવાનું અને મૂળ ભુજ કચ્છ ની તેમજ હાલ જામનગરમાં પતિ અને સંતાન સાથે રહેતી હોવાનું જાણવા મળ્યું છે. જે છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્થિરતા ગુમાવી બેઠી હતી, અને તેણીની દવા પણ ચાલતી હતી. ઉપરાંત તે ખૂબ જ તામસી સ્વભાવની પણ હતી. દરમીયાન ગઈકાલે સવારે પોતાના પતિ સાથે ઝગડો થયા બાદ તેણી ઘર છોડીને ચાલી ગઈ હતી, અને રણમલ તળાવમાં જઈને આપઘાત નું પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલામાં પી.એસ.આઈ. ડી.જી. રામાનુજ અને તેઓની ટીમ તપાસ ચલાવે છે. જોતક યુવતી ની માતા અને ભાઈ ભુજ કચ્છમાં રહેતા હોવાથી તેઓને પણ જામનગર બોલાવી લીધા છે.

# શ્રીનગર સોસાયટીમાં લૂંટ વિથ મર્ડર કેસના આરોપી બંટી બબલીનું કરાયું રિકન્ટ્રકશન

### બેકારી ટાળવા ઘટનાને અંજામ આપનાર પ્રેમી યુગલના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થતાં પોલીસે વધુ પુછપરછ હાથ ધરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રીનગર સોસાયટીમાં લૂટ વિથ મર્ડરના ગુનામાં ઝડપાયેલા બંટી બબલીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થતાં પોલીસે બંટી બબલી પાસે ઘટનાનું રિકન્ટ્રક્શન કરાવ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ શહેરની વાલકેશ્વર સોસાયટી મેઈન રોડ પર આવેલી શ્રીનગર સોસાયટી શેરી નં.૩માં એકલા રહેતાં બરકતભાઈ લાખાણી (ઉ.વ.૭૦)ની ઘરમાં ઘુસી છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી બાદમાં સોનાના દાગીનાની લુંટ ચલાવાયાની ઘટનાની માસ્ટર માઈન્ડ સ્નેહલબા પ્રતાપસિંહ ગોહિલ (ઉ.વ. ૨૨, રહે. હાઉસીંગ બોર્ડના કવાર્ટર, કોઠારીયા સોલવન્ટ) સીવીલ એન્જિનિયરિંગની ડીગ્રી ધરાવે છે.જયારે હત્યામાં સામેલ તેનો મિત્ર કિશન માનસીંગભાઈ વાઢેર (ઉ.વ. ૨૨, રહે. હાલ કારડીયા રાજપૂત છાત્રાલય) ધો. ૮ પાસ છે.

ક્રાઈમ બ્રાંચે આ ઘટનાનો ભેદ ઉકલી બંને આરોપીઓને ઝડપી લઈ ભક્તિનગર પોલીસને સોંપી દીધા હતા. બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૩ દિવસના રિમાન્ડ પર મેળવ્યા છે. એટલું જ નહીં આરોપીઓએ ન્યારી ડેમ પાસે છૂપાવી દીધેલા લોહીવાળા કપડા અને છરી વગેરે પણ કબજે કર્યા છે. પોલીસ તપાસમાં એવુ ખુલ્યું છે કે, સ્નેહલબા મવડી ચોકી પાસે એસ.બી.એફ.સી. ફાઈનાન્સ કંપનીમાં ગોલ્ડ લોનનું કામ કરતી હતી. સાથો-સાથ ફલીપકાર્ટમાં ડિલીવરી ગર્લ તરીકે પણ નોકરી કરતી હતી. એકાદ વર્ષ પહેલાં મૃતકને પાર્સલ દેવા ગઈ હતી ત્યારે ગોલ્ડ લોનનું પેમ્ફલેટ પણ આપ્યું હતું. તે વખતે મૃતકે તેને પરફ્યુમ ગીફટ આપ્યુ હતું. ત્યાર પછી મૃતકે તેને કોલ કરી પોતાને ત્યાં બાળકનો જન્મ થયાનું કહી પેંડા આપવાની વાત કરી હતી. પરંતુ તે પેંડા લેવા ગઈ ન હતી. આ પછી મૃતક અવાર-નવાર તેને ગુડ મોર્નિંગ વગેરેના મેસેજ કરતા હતા. પરંતુ તે જવાબ આપતી ન હતી. એક-બે વખત મૃતકના ઘરે પણ ગઈ હતી.ફ્લીપકાર્ટમાં નોકરી દરમિયાન તેનો કિશન સાથે પરિચય થયો હતો. નોકરી છૂટી જતાં તેની આર્થિક સ્થિતિ નબળી બની ગઈ હતી. આ સ્થિતિમાં તેણે મિત્ર કિશન કે જેની પણ નોકરી છુટી ગઈ હતી

તેની સાથે મૃતકને લુંટવાની યોજના અંગે વાત કરી હતી.ન્યારી ડેમે ફરીથી યોજના વિશે કિશન સાથે ચર્ચા કર્યા બાદ બંનેએ સાથે મળી મૃતકના ઘરે જઈ તેની હત્યા કરી, દાગીનાની લુંટ ચલાવી હતી. હત્યા બાદ કિશને મૃતકના મકાનના ઉપરના રૂમમાં જઈ તેનો શર્ટ પહેરી લીધો હતો અને પોતાનો લોહીવાળો શર્ટ ઉતારી નાખ્યો હતો. આરોપી કિશન હાલ માયાણી ચોકમાં આવેલી પાનની દુકાનમાં નોકરી કરતો હતો. રિમાન્ડ પર રહેલા બંટી બબલીને પોલીસે રિકન્ટ્રક્શન કરાવ્યું હતું.

# આંબેડકરનગરમાં નામચીન બુટલેગર હર્ષદ મહાજન સહિત છ જુગાર રમતા ઝડપાયા

### ગંજીવાડાના નાકે વર્લી ફિચરના આંકડા લેતા ગ્રાહકની ધરપકડઃ ધ્રોલના હત્યાની કોશીષના ગુન્હામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગુજરાતભરમાં વિદેશી દારૂના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો લિસ્ટેડ બુટલેગર હર્ષદ મહાજન સહિત છ શખ્સોને માલવિયનગર પોલીસે આંબેડકર નગરમાંથી જુગાર રમતા દબોચી લઈ રૂ.૧.૨૩ લાખની રોકડ કબજે કરી છે.

પ્રથમ બનાવામાં માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈની સુચનાથી હેડ કોન્સ. અજયભાઈ વિક્રમા, મયુરદાન બાટી, ભાવેશભાઈ ગઢવી અને જયદિપસિંહ ભટ્ટી સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી ત્યારે અનેક વાર પોલીસ ચોપડે ચડી ચુકેલો નામચીન બુટલેગર હર્ષદ મહાજન સહિતના કેટલાક શખ્સો આંબેડકરનગર શેરી નં.૫માં જય માતાજી નામના મકાનમાં જુગાર રમતા હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડી નામચીન બુટલેગર હર્ષદ ઉર્ફે મહાજન માણેકલાલ માંડલીયા (રહે. દેવપરા ભવાનીચોક અંકુર સોસાયટી) મકાન માલિક વાલ્જી ભલા ગોહેલ, નવી ધાંચીવાડ જીલ્લા ગાર્ડન ચોક પાસે રહેતો દિલાવર સલીમ મકરાણી, વિનાયક નગરમાં કમલેશ ઉર્ફે નાથો ઈશ્વર નિમાવત, ધાંચીવાડમાં રહેતો શોકત હુસેન કરગથરા અને અંકુર સોસાયટીનો અલ્તાફ અબ્દુલ ગોબડા સહિત ૬ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૧.૨૩ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બીજા બનાવમાં ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ. અર્જુનભાઈ, કોન્સ. ગોપાલભાઈ સહિતનો સ્ટાફ ભાવનગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ગંજીવાડાના નાકે જયનાથ પેટ્રોલ પંપ પાસે જાહેર રોડ પર વર્લીફિચરના આંકડા ગ્રાહકો પાસેથી લેતો સબીર અલી મહોમ્મદ ઠેબા (રહે. ભારતનગર આઈટીઆઈ હોસ્ટેલ પાછળ)ની ધરપકડ કરી રૂ.૧૨૩૦૦ ની રોકડ કબજે કરી છે.

જયારે જામનગર જીલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના ખુનની કોશીષના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો રોનક સુખરામ નીમાવત નામનો શખ્સ રાજકોટમાં જશરાજ નગર ઉમીયા ચોક પાસે હોવાની હકીકત મળતા ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ. જયદેવસિંહ પરમાર, કૃષ્ણદેવસિંહ, હરસુખભાઈ તથા મોહિતરાજસિંહ સહિતના સ્ટાફે દબોચી લઈ આરોપીને જામનગર પોલીસના હવાલે કર્યો હતો.

# વાંકાનેરના તીથવા ગામે તળાવમાં ન્હાવા પડેલ યુવકનું ડૂબી જતા મોત

### ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યો

**મુખ્ય સમાચાર વાંકાનેર**

વાંકાનેર તાલુકાના રાતદિવરી ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જીલ્લાના બેલડી ગામના વતની મુનાભાઈ શેખરસિંગ બામનીયા ઉવ.૪૦ વાળા તા.૦૮ જૂન ૨૦૨૫ના રોજ તીથવા ગામે વડસલ તળાવમા નાહવા જતા, અકસ્માતે તળાવના પાણીમા ડુબી ગયો હતો, ત્યારે સ્થાનિકોએ ફાયર બ્રિગેડમાં જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમ દ્વારા માણસોએ તળાવના પાણીમા શોધખોલ શરૂ કરી તા.૦૯ જુનના રોજ સાંજના પાંચેક વાગ્યે મુનાભાઈનો મૃતદેહ તળાવના પાણીમાંથી બહાર કાઢ્યો હતો, ત્યારે સમગ્ર બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.